

# પ્રધાનમંત્રી પદે નરેન્દ્ર મોદીની તાજપોશી

## શરીફ સહિત ૪૦૦૦થી વધુ હસ્તિઓ ઉપસ્થિત રહી : અભૂતપૂર્વ અને ઐતિહાસિક કાર્યક્રમમાં સોનિયા અને રાહુલ પણ ઉપસ્થિત રહ્યા : મોદી કેબિનેટના તમામ ૪૫ મંત્રિઓને શપથ : જેટલીને નાણું ખાતું

નવીદિલ્હી, તા. ૨૬

તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં પોતાની પાર્ટી ભાજપને ઐતિહાસિક જીત અપાવીને નવા રેકોર્ડ સર્જયા બાદ આજે સાંજે નરેન્દ્ર મોદીએ અભૂતપૂર્વ સુરક્ષા અને પાકિસ્તાન સહિત વિશ્વના અનેક દેશોના વડાઓની ઉપસ્થિતમાં ભારતના નવા વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. નરેન્દ્ર મોદીએ ભારતના ૧૫માં વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. મોદીના શપથની સાથે-સાથે કેબિનેટના તમામ ૪૫ પ્રધાનોએ પણ શપથ લીધા હતા. જેમાં ૨૪ કેબિનેટ, ૧૧ રાજ્યંમત્રી અને ૧૦ રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો)નો સમાવેશ થાય છે. મોદી આજે ૭ આરસીઆરમાં રોકાશે. ગુજરાત ભવનમાં રહેશે. આવતીકાલે ૮ વાગ્યે વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળશે. મોદીએ આજે શપથ લીધા બાદ કેબિનેટના સાથીઓએ પણ શપથ લીધા હતા. નિતિન ગડકરી, વૈંકેયા નાયડુ, અરુણ જેટલી, સુષ્મા સ્વરાજ, રાજનાથસિંહે કેબિનેટ

મંત્રી તરીકે શપથ લીધા હતા. નરેન્દ્ર મોદીની હાઈ પ્રોફાઈલ શપથવિધીને યાદગાર બનાવવા માટે છેલ્લા કેટલાક દિવસથી તૈયારી ચાલી રહી હતી. દેશના કરોડો લોકોમાં ભારે લોકપ્રિયતા ધરાવનાર મોદીએ આજે સાંજે દેશના વડાપ્રધાન તરીકે શપથ લીધી હતી. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી મોદીને મોટી સંખ્યામાં લોકોની હાજરીમાં હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. લોકસભાની ચૂંટણીમાં ભાજપે મોદીની પ્રચંડ લહેર વચ્ચે ઈતિહાસ સર્જીને સ્પષ્ટ બહુમતિ મેળવી લીધી હતી. ભાજપે એકલા હાથે કુલ ૨૮૩ બેઠકો જીતી હતી.જ્યારે ભાજપના તમામ સાથીઓની બેઠકોની ગણતરી કરવામાં આવે તો આંકડો ૩૩૭ પર પહોંચી જાય છે. નરેન્દ્ર મોદી સરકારની રચનાની પ્રક્રિયા અગાઉ પૂર્ણ કરાઈ હતી. અગાઉ સંસદ ભવનમાં ભાજપ સંસદીય દળની બેઠક યોજાઈ હતી. જેમાં નરેન્દ્ર મોદીને સંસદીય દળના નેતા તરીકે સર્વસંમતિથી ચૂંટી કાઢવામાં આવ્યા

● અનુસંધાન પાન-૭ પર



આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

દેખતે-દેખતે જનાબ ખુદા બન બૈઠે, મેરે જનમ બીતે આદમી સા હોને મેં..
- ડો. રામ મિશ્રા

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૭૬ | ૨૭ મે, ૨૦૧૪, મંગળવાર; વૈશાખ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કાળઝાળ ગરમીથી જનજીવન અસ્તવ્યસ્ત

## છેલ્લા ચાર દિવસથી પારો ૪૨ ડિગ્રીની આસપાસ રહેતા ગાંધીનગરાઓ પરસેવે રેબઝેબ બન્યા

ગાંધીનગર, તા. ૨૬

હીટવેવની અસર તળે ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં આજકાલ ભારે ગરમી પડી રહી છે. ત્યારે ગરમીના કારણે જનજીવન પર ઘેરી અસર જોવા મળી રહી છે. માર્ગો અને બજારો સાવ સુમસામ બન્યા છે. મહત્તમ તાપમાન છેલ્લા કેટલાય દિવસોથી ૪૨ ડિગ્રીની આસપાસ રહ્યું છે ત્યારે ઉકળાટથી વસાહતીઓ ત્રસ્ત બન્યા છે.

ઉનાળો તેની ચરમસીમાએ પહોંચ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ રહે છે. લઘુત્તમ તાપમાન પણ ખુબ ઉંચુ રહેતા સુર્યાસ્ત બાદ પણ વસાહતીઓને ગરમીથી રાહત મળતી નથી. સવારથી જ સૂર્યના તેજ કિરણો જાણે ધરતીનો કબ્જો લઈ લેતા હોય તેમ આકરી ગરમી પડવા માંડે છે. બપોર સુધીમાં તો તડકો એટલો બધો આકરો થવા લાગે છે કે તેની અસર જનજીવન પર જોવા મળે છે. માર્ગો અને બજારો તો આખો દિવસ સાવ સુમસામ રહે છે. લગભગ બાર કલાક સુધી તડકો રહેતા તેની અસર સુર્યાસ્ત બાદ પણ રહે છે. સાંજે સાડા છ-સાત પછી પણ ગરમ લૂ ફુંકાતી રહે છે. દ્વિચક્રી વાહનચાલકોને જો બહાર નીકળુ હોય તો મો પર રૂમાલ બાંધવો જ પડે છે. પશુ-પંખીઓ પણ ગરમીથી ત્રસ્ત બની જાય છે. અને આખો દિવસ છાંયડો શોધીને બેસી રહે છે. લઘુત્તમ તાપમાન ઉંચુ રહેતા અને ભેજનું પ્રમાણ વધુ રહેતા રાત્રે પણ વસાહતીઓ ઉંઘી નથી શકતા અને પરસેવે રેબઝેબ બની જાય છે. શિયાળામાં અને ચોમાસાની ૠતુમાં રાત્રે આઠ-નવ વાગે સુમસામ થઈ જતુ પાટનગર ઉનાળામાં એકદમ જીવંત લાગે છે. ચ-૦ સર્કલથી લઈને ઘ-૬ સર્કલ સુધીના માર્ગે વસાહતીઓ ટહેલતા જોવા મળે છે. સ્વર્ણિમ પાર્કમાં તો જાણે મેળો જામે છે. અહીં છેક મોડી રાત સુધી વસાહતીઓની અવરજવર જોવા મળે છે. સોમવારે મહત્તમ તાપમાન ૪૨.૩ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડિ.સે. અને ભેજપનું પ્રમાણ સવારે ૫૦ ટકા અને સાંજે ૨૯ ટકા રહ્યું હતું.

# મહત્વના ખાતા વિભાગો કોને-કોને ફળવાયા

## સુષ્માને વિદેશ અને ગડકરીને પરીવહન ખાતું

નરેન્દ્ર મોદીએ આજે વડાપ્રધાન તરીકેના શપથ લીધા હતા. કોને કયું ખાતું મળ્યું તે અંગે મોડા સુધી ચિત્ર સ્પષ્ટ થયું નહતું પરંતુ એએનઆઈ અને કેટલાક ટીવી ચેનલ દ્વારા કોને કયુ ખાતું મળ્યું તે યાદી જારી કરાઈ હતી જે નીચે મુજબ છે.

| નામ | ખાતું |
|---|---|
| નરેન્દ્ર મોદી | વડાપ્રધાન |
| રાજનાથસિંહ | ગૃહ |
| સુષ્મા સ્વરાજ | વિદેશ |
| અરૂણ જેટલી | નાણાં, સંરક્ષણનો વધારાનો હવાલો |
| અનંતકુમાર | સંસદીય બાબતો, ખાતર-રસાયણનો વધારાનો હવાલો |
| નિતિન ગડકરી | ભૂમિ પરીવહન મંત્રાલય |
| સદાનન ગૌડા | રેલવે મંત્રાલય |
| વૈંકેયા નાયડુ | શહેરી વિકાસ અને સંસદીય બાબતો |
| રવિશંકર પ્રસાદ | ટેલીકોમ, કાયદો અને ન્યાય |
| મેનકા ગાંધી | મહિલા અને બાળવિકાસ |
| નેજમા હેપ્તુલ્લા | લઘુમતી બાબતો |
| સ્મૃતિ ઈરાની | માનવ સંશાધન વિકાસ |
| રાધા મોહનસિંહ | કૃષિ મંત્રાલય |
| નિર્મલા સીતારામન | વાણિજ્ય રાજ્ય ખાતું |
| પિયુષ ગોહેલ | રાજ્ય ઉર્જા મંત્રાલય (સ્વતંત્ર) |
| પ્રકાશ જાવડેકર | માહિતી અને પ્રસારણ રાજ્ય |
| રામવિલાસ પાસવાન | ખાદ્ય અને નાગરિક પુરવઠા |
| ઉમા ભારતી | જળસંશાધન અને ગંગા સ્વચ્છતા |
| જુવાલ ઓરમ | આદિવાસી બાબતો |



આજે દેશની રાજધાની દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં મહામુહિમ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ ભારતના ૧૫મા વડાપ્રધાન તરીકે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને હોદ્દાની રૂઈએ બંધારણ અનુસાર શપથ લેવડાવતા જ દેશમાં નવા યુગનો આરંભ થયો છે. દેશભરમાં ઉજવણીનો દોર શરૂ થયો હતો. ચારેય બાજુ ફટાકડા ફોડવામાં આવ્યા હતા.

# શપથવિધિ સમારોહની સાથે સાથે

- પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન મમતા બેનર્જી ગેરહાજર રહ્યા
- નરેન્દ્ર મોદીએ દેશના ૧૫મા વડાપ્રધાન તરીકે શપથ લીધા
- મોદીએ હિન્દી ભાષામાં જ શપથ લીધા, રાષ્ટ્રપતિએ શપથ લેવડાવ્યા
- મોદીની સાથે સાથે ૨૪ કેબિનેટ અને ૧૧ રાજ્યપ્રધાનો તેમજ ૧૦ રાજ્ય પ્રધાનો (સ્વતંત્ર હવાલા) સાથે શપથ લીધા
- આમંત્રિત તમામ મહેમાનો છ વાગ્યાની આસપાસ રાષ્ટ્રપતિ ભવનમાં પહોંચી ગયા
- સાંજે છ વાગે ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી પણ પહોંચી ગયા
- સાંજે ૬-૦૮ વાગે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા
- સાંજે ૬-૧૦ વાગે રાષ્ટ્રપતિની મંજુરી લઈને કાર્યક્રમની શરૂઆત થઈ
- સાંજે ૫-૫૯ મિનીટે નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા
- પાકિસ્તાની વડાપ્રધાન નવાજ શરીફ ૫-૪૫ વાગે રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા અને મનમોહનસિંહની નજીક બેઠા હતા
- નેપાળના વડાપ્રધાન સુશીલ કોઈરાલા અને ભુતાનના રાષ્ટ્રપતિ પણ પહોંચ્યા હતા
- નરેન્દ્ર મોદીના માતા હિરા બા ટીવી ઉપર શપથવિધિ નિહાળવામાં વ્યસ્ત રહ્યા હતા
- સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, પૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ, પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ પણ પહોંચ્યા
- લાલકૃષ્ણ આડવાણી પોતાની પુત્રી પ્રતિભા આડવાણી સાથે પહોંચ્યા
- શરદ પવાર, સંઘ વડા રામ માધવ, મુરલી મનોહર જોશી, ઉદ્ધવ ઠાકરે, ચંદ્રબાબુ નાયડુ પણ પહોંચ્યા
- રિલાયન્સના માલિક મુકેશ અંબાણી પોતાના પત્નિ નિતા અંબાણી સાથે પહોંચ્યા
- અનિલ અંબાણી પોતાની માતા સાથે પહોંચ્યવ
- તમિળનાડુના મુખ્યપ્રધાન જયલલિતા મોદીની શપથવિધીમાં ગેરહાજર રહ્યા

● અનુસંધાન પાન-૭ પર




**ગાંધીનગર માટે**
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

